# માનવ આત્માનું મૂળ રહેવાનું ઘર

માનવ આત્મા પોતાનાં સંસ્કારનાં આધારે માને છે કે આ દુનિયા જે દ્રશ્યમાન છે, તે બરાબર નથી. કોઈ એવી દુનિયા છે, જ્યાં સંપૂર્ણ શાંતિ, શક્તિ, પવિત્રતા છે, જે ખરેખર આપણી દુનિયા છે. આપણે આ ભૌતિક દુનિયાનાં મુસાફર અને મહેમાન છીએ. ઘણાં લોકોને આવી દુનિયાના સાક્ષાત્કાર પણ થયાં છે. દરેક ધર્મ શાસ્ત્રમાં આવી દુનિયાનું વર્ણન જુદા જુદા નામથી કરવામાં આવે છે, જેને પરમધામ, શાંતિધામ, મુક્તિધામ, નિર્વાંણધામ, બ્રહ્મલોક, કે આત્માઓની દુનિયા તરીકે ઓળખવામાં આવે છે. આ આત્માઓની દુનિયા છે જ્યાં મનુષ્ય આત્મા અને સર્વ આત્માઓનાં પરમપિતા પરમાત્મા નિવાસ કરે છે, જેને નિરાકારી દુનિયા કહેવામાં આવે છે કે જ્યાં ભૌતિક કે સૂક્ષ્મ શરીરનું અસ્તિત્વ નથી.

ઘણાં લોકોને બીજી એક દુનિયાના સાક્ષાત્કાર પણ થયાં છે, જ્યાં માનવ આત્મા સર્વ ગુણોથી ભરપુર, સર્વ શક્તિઓ સંપન્ન, સંપૂર્ણ નિર્વિકારી, મર્યાદાઓથી ભરપુર છે, જેને દેવતા અથવા દેવદુત તરીકે ઓળખવામાં આવે છે. બીજી આ દુનિયામાં સંપૂર્ણ સુખ, શાંતિ અને પવિત્રતા છે. દરેક ધર્મ શાસ્ત્રમાં આવી દુનિયાનું વર્ણન જુદા જુદા નામથી કરવામાં આવે છે, જેને સ્વર્ગ, હેવન (heaven), બહિસ્ત, પેરાડાયસ (paradise) કે સુખધામની દુનિયા તરીકે ઓળખવામાં આવે છે. આ દુનિયામાં વિજ્ઞાન અને શાંતિની સંપૂર્ણ સમતુલા છે, જેથી માનવ સુખમાં કોઈ ઉણપ નથી. તેઓ આપણાં જેવા માનવીઓ છે પરન્તુ દિવ્ય ગુણ અને શક્તિઓથી ભરપુર છે અને તેમની દુનિયામાં કોઈ ઉણપ કે ખામી નથી. આવી દુનિયા આ પૃથ્વી ઉપર હતી જ્યાં મનુષ્ય આત્માઓ દેવતા અથવા દેવદૂત હતી જેને સાકારી દુનિયા કહેવામાં આવે છે. સાકારી દુનિયામાં મનુષ્ય શરીર ભૌતિક અસ્તિત્વ ધરાવે છે, જેને આંખોથી જોઈ શકાય.

ઉપર જણાવ્યા મુજબ મનુષ્ય આત્માને સૂક્ષ્મ શરીર પણ હોય છે, જેને આપણે ભૌતિક આંખોથી જોઈ શકતા નથી. એક એવી પણ દુનિયા છે જ્યાં ભૌતિક શરીર નથી પરંતુ માત્ર સૂક્ષ્મ શરીર ચેતન અવસ્થામાં છે, જેને આકારી દુનિયા કહેવામાં આવે છે. આ દુનિયામાં વાણીનો વ્યવહાર નથી પરંતુ ઈશારાની ભાષા છે, ચિત્રો અને રંગોની દુનિયા છે. ચિત્રમાં જણાવ્યા મુજબ આ વિશ્વમાં ત્રણ દુનિયા આવેલી છે.

૧. સાકારી દુનિયા: આ દુનિયામાં આપણી પૃથ્વી, તેની આસપાસના ગ્રહો અને ઉપગ્રહો, તારા અને તારામંડળ, આકાશગંગા વગેરેનો સમાવેશ થાય છે. વિજ્ઞાન પણ આ બધી જગ્યા ઉપર પહોંચવા શક્તિમાન નથી. આ દુનિયાની દરેક વસ્તુ, વ્યક્તિ, પ્રાણી, પશુ, પક્ષી, પદાર્થ વગેરેને પોતાનો આકાર અને પોતાનુ અસ્તિત્વ છે અર્થાત્ તેને જોઈ શકાય, સ્પર્શ કરી શકાય અને અનુભવી શકાય. આકાર અને અસ્તિત્વ ધરાવતી હોવાથી દુનિયા સાકારી દુનિયા તરીકે ઓળખાય છે.

આ લેખ ગુજરાત ન્યૂઝલાઈન, કેનેડામાં તા. ૫.૨૮.૨૧ના રોજ ગુજરાતીમાં પ્રસિધ્ધ થયેલ.

૨. આકારી દુનિયા: સાકારી દુનિયાની પાર આકારી દુનિયા આવેલી છે, જેમાં આકાર છે પરંતું અસ્તિત્વ નથી અર્થાત્ માત્ર પ્રકાશની છાયા છે, જેનો સાક્ષાત્કાર કરી શકાય. આ દુનિયામાં સાકારી દુનિયા જેવો જ આકાર છે પરન્તુ પ્રકાશનો આકાર છે, જેથી તેને સૂક્ષ્મ વતન તરીકે ઓળખવામાં આવે છે. આ દુનિયામાં દરેક માનવ, પશુ, પક્ષી, વસ્તુ, પદાર્થ વગેરે માત્ર પ્રકાશનો આકાર ધરાવે છે, અર્થાત્ જોઈ શકાય, અનુભવી શકાય પરન્તુ સ્પર્શ કરી ના શકાય કારણ કે તેનુ ભૌતિક અસ્તિત્વ હોતું નથી.

૩. નિરાકારી દુનિયા: આ દુનિયા સાકારી અને આકારી દુનિયાથી પાર અર્થાત્ ઉપર આવેલી છે. આ દુનિયામાં કોઈ પણ પ્રકારનો આકાર કે અસ્તિત્વ નથી. નિરાકાર અર્થાત્ કોઈ માનવ, પશુ, પ્રાણી, પક્ષી, વસ્તુ, કે પદાર્થ જેવો આકાર અથવા સાકાર આ દુનિયામાં નથી પરંતુ માત્ર આત્માઓ અને આત્માના પિતા પરમાત્મા જ્યોતિર્બિન્દુ ચૈતન્ય સ્વરૂપે આ દુનિયામાં રહે છે. આથી આ દુનિયાને




નિરાકારી દુનિયા કહેવામાં આવે છે. આ દુનિયામાં આત્માઓ તેમજ પરમાત્મા કે જેઓ પણ એક પરમ આત્મા છે, અર્થાત્ સર્વધર્મ માન્ય, સર્વોપરી, સર્વોચ્ચ, સર્વજ્ઞ, અને જ્ઞાન, શક્તિઓ અને ગુણોનાં સાગર છે, નિવાસ કરતા હોવાથી આ દુનિયાને આત્માઓની

દુનિયા કહેવામાં આવે છે. આ સાકારી અને આકારી દુનિયાની પણ ઉપર સર્વોચ્ચ સ્થાને આવેલી છે, આથી આ દુનિયાને પરમધામ તરીકે ઓળખવામાં આવે છે. આ દુનિયા પરમાત્મા કે જેઓ શાંતિના સાગર છે, તેની દુનિયા હોવાથી સદા શાંતિથી ભરપુર રહે છે, તેથી શાંતિધામ તરીકે પણ ઓળખાય છે. આ દુનિયામાં દરેક આત્મા સ્થૂળ તેમજ સૂક્ષ્મ શરીરથી મુક્ત છે, આથી મુક્તિધામ તરીકે પણ ઓળખાય છે. આ દુનિયામાં વાણીનો વ્યવહાર નથી આથી આ દુનિયાને નિર્વાંણધામ પણ કહેવામાં આવે છે. આ દુનિયા બ્રહ્મ મહતત્વની બનેલી હોવાથી તેને બ્રહ્મલોક તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દુનિયા લાલ પ્રકાશથી છવાયેલી રહે છે, જે શક્તિનું પ્રતીક છે કારણકે સર્વશક્તિમાન પરમાત્માનું આ ઘર છે.

પરમધામ પરમપિતા પરમાત્માંનુ શાશ્વત રહેવાનુ સ્થાન હોવાથી શક્તિ, શાંતિ અને પવિત્રતાથી ભરપુર હોય છે. દરેક આત્મા જ્યારે કળિયુગના અંતે પરમધામ પરમાત્મા સાથે જાય છે ત્યારે સંપૂર્ણ બનીને જ જાય છે. દરેક આત્મા પરમાત્માની શ્રીમત મુજબ પુરુષાર્થ કરીને અથવા સજા ખાઈને સંપૂર્ણ બને છે. આથી આપણી આત્મા પોતપોતાનુ પાત્ર આ સૃષ્ટિ રંગમંચ ઉપર ભજવવા માટે પરમધામથી આવે છે, ત્યારે સંપૂર્ણ પવિત્ર અર્થાત્ સતોપ્રધાન અવસ્થામાં હોય છે. સતયુગમા આવી આત્માઓ પૂજ્ય દેવી-દેવતા અથવા દેવદૂત સમાન હોય છે. આત્માઓ આ સાકારી દુનિયા ઉપર આવતા પોતાનુ મૂળ ઘર પરમધામ અને પરમપિતા પરમાત્માને ભૂલી જાય છે અને પુનર્જન્મના ચક્રમાં સતો, રજો અને તમો અવસ્થામાથી પસાર થાય છે. અંતે દરેક આત્મા સુખ, શાંતિ, અને પવિત્રતા માટે પરમાત્માને પોકારે છે અને પરમાત્માંનુ આ સૃષ્ટિ ઉપર અવતરણ થાય છે, અને પરમાત્મા દરેક આત્માને પોતાના ઘેર પરમધામ ફરી લઈ જાય છે. આત્માઓ અને પરમપિતા પરમાત્માંનુ આવાગમનનુ ચક્ર, આ સૃષ્ટિ અને પરમધામ વચ્ચે સદા આ રીતે ચાલતુ રહે છે.

ચાલો આપણે મન અને બુદ્ધિની મદદથી પરમધામની યાત્રા કરીએ, જે ધ્યાન છે. આપણી આત્મા અતિ સૂક્ષ્મ છે, જે આપણા ભૌતિક અને સૂક્ષ્મ શરીર, બંને શરીરનો માલિક છે. આપણી આત્મા સૂક્ષ્મ શરીરમાં બેસીને ત્રણ ફૂટ ઉપર રહીને માનસિક ચક્ષુથી ભૌતિક શરીર અને આસપાસના વાતાવરણને જુવે છે. આપણું સૂક્ષ્મ શરીર સંપૂર્ણ સફેદ પ્રકાશનું બનેલું છે. આપણી આત્મા સૂક્ષ્મ શરીરના વાહન દ્વારા ઉપર જાય છે. આપણે આપણા ઘરથી ઉપર, શહેરથી ઉપર, દેશથી ઉપર, દુનિયાથી ઉપર, સૂર્ય, ચંદ્ર, તારામંડળથી પણ ઉપર, ખુબ જ દૂર કે જે સૂક્ષ્મ વતન છે ત્યાં પહોંચીએ. અહીં માત્ર સફેદ પ્રકાશનું શરીર છે પણ ભૌતિક શરીર નથી. અહીં તમામ વસ્તુઓને આકાર છે પરંતુ અસ્તિત્વ નથી અર્થાત પ્રકાશ સ્વરૂપ છે. અહીં અવાજ નથી પરંતુ ઈશારાની ભાષા છે. હવે આપણી આત્મા સૂક્ષ્મ શરીરને છોડીને ઉપર, હજુ ઉપર જાય છે કે જ્યાં નિરાકારી પ્રકાશની દુનિયા છે.

અહીં સૂક્ષ્મ બિંદુ સ્વરૂપ આત્માઓ અને આત્માના પિતા પરમાત્મા રહે છે. અહીં માત્ર લાલ પ્રકાશ છે, જે શક્તિનું પ્રતીક છે કારણ કે આત્માના પિતા, સર્વશક્તિમાન પરમાત્મા ત્યાં રહે છે. પરમપિતા પરમાત્મા કે જેવો સર્વ આત્માઓના પિતા, સર્વોપરી, સર્વોચ્ચ, સર્વજ્ઞ, જ્ઞાન, શક્તિઓ અને ગુણોના સાગર છે, તેમનું અને સર્વ આત્માઓનું મૂળ રહેવાનું ઘર આ છે. આપણે આત્માઓ તેમના બાળકો હોવાને કારણે તેમની સંપત્તિ પર આપણો અધિકાર છે. આપણે તેમના સ્પંદનો દ્વારા જ્ઞાન, શક્તિઓ અને ગુણોના માસ્ટર મહાસાગર બની રહ્યા છીએ. તે આપણું મધુર અને મૌન ઘર છે, જ્યાંથી આપણે ભૌતિક વિશ્વમાં આપણી ભૂમિકા ભજવવા આવ્યા છીએ. હવે તેમની શક્તિઓથી ભરપૂર થઇને આપણે સૂક્ષ્મ પ્રદેશમાં પાછા જઈ રહ્યા છીએ જ્યાં આપણા સૂક્ષ્મ શરીર છે. આપણે તેની તમામ શક્તિઓ સાથે આપણા પ્રકાશના શરીરમાં પ્રવેશીએ અને બધાને મદદ કરવા માટે દેવદૂત જેવા બનીએ. હવે આપણે પાછા નીચે અને વધુ નીચે જઈએ, આપણા ભૌતિક વિશ્વમાં પાછા જઈએ. આપણે આકાશગંગાઓ, તારામંડળો, સૂર્ય, ચંદ્રમાંથી પસાર થઈને આ દુનિયા, દેશ, શહેર, ઘર અને આપણા ભૌતિક શરીરમાં પ્રવેશ કરીએ. મગજની મધ્યમાં બેસીને, કપાળની પાછળની બાજુ, બે ભ્રમરોની વચ્ચે અને શરીરને નિયંત્રિત કરીએ. આપણે પરમાત્માની શક્તિઓને સ્પંદનો દ્વારા આ ભૌતિક વિશ્વની દરેક આત્માઓ અને તત્વો સુધી પહોંચાડીએ. બધા તેમની શક્તિઓથી શક્તિશાળી, શાંતિપૂર્ણ અને પવિત્ર બને છે. આપણે શક્તિશાળી, શાંતિપૂર્ણ, પવિત્ર અને સુખી આત્માઓ છીએ જે આ વિશ્વને પવિત્ર, શાંતિપૂર્ણ, શક્તિશાળી અને સુખી બનાવે છે.